સંક્ષિપ્ત સમાચાર

કોસંબા હાઇવે પર મિની બસે ટક્કર મારતાં બાઈક ટ્રકમાં ઘૂસી ગઈ

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા નજીક હાઇવે પર મંગળવારે મોડી સાંજે સર્જાયેલા એક વિચિત્ર અકસ્માતમાં બાઈક ચાલકનું મોત થયું હતું. જ્યારે મહિલાને ઇજા થતાં 108 મારફતે સારવાર માટે ખસેડી હતી. ઘટનાની વિગત એવી છે કે, મંગળવારે મોડી સાંજે કોસંબા નજીક હાઇવે પરથી દંપતી મોટરસાઇકલ પર સવાર થઈ પસાર થતા હતા. ત્યારે પાછળથી મીની બસે બાઇકને ટક્કર મારતા બાઈક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં મોટરસાઇકલની આગળ ચાલતી શેરડી ભરેલી ટ્રકની પાછળ ઘૂસી જતાં બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે પાછળ બેસેલી મહિલાને ઇજા થતાં સારવાર માટે ખસેડી હતી. આ લખાય છે ત્યાં સુધી બનાવની ફરિયાદ દાખલ નહીં થતાં નામ જાણી શકાયાં નથી.

માંડવીમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

હિતેશ પટેલ

માંડવીઃ માંડવી નગરપાલિકા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બિગ બેસ ધમાકા ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-2ની ફાઇનલ મેચ યોજાઈ હતી, જેમાં ધારાસભ્ય કુંવરજી હળપતિ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ધારાસભ્ય હળપતિએ ફાઇનલમાં વિજેતા બનેલી ટીમને ટ્રોફી તથા રોકડ પુરસ્કાર ઇનામ આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે માંડવી નગર સંગઠન પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ, મુકુંદભાઈ ઉપાધ્યાય, માંડવી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શંકરભાઈ ચૌધરી, પાલિકા સભ્ય ધર્મેન્દ્રસિંહ મહિડા, રંજનબેન મરાઠે સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

માંડવી નજીક ખેતરમાંથી માનવ કંકાલ મળ્યું

માંડવીઃ માંડવીની એક આંબાવાડીના ખેતરમાંથી માનવ કંકાલ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. કાકરાપાર જમણા કાંઠા નહેરને અડીને આવેલા આ ખાનગી ખેતરમાં સફાઈકામ કરી રહેલા મજૂરોને આ કંકાલ નજરે પડ્યું હતું. મજૂરોએ આ દૃશ્ય જોતાં તરત જ પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં જ માંડવી પોલીસ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થળનું નિરીક્ષણ કર્યા બાદ આગળની તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ની મદદ લીધી છે. હાલ FSLની ટીમ દ્વારા કંકાલની ઓળખ અને મૃત્યુના ચોક્કસ કારણ અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે. કંકાલ કોનું છે અને તે કેટલા સમયથી અહીં પડ્યું હતું, તે અંગેની વિગતો FSLના રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થઈ શકાશે. પોલીસે આ મામલે આકસ્મિક મૃત્યુનો ગુનો દાખલ કર્યો છે. હાલ અકસ્માત કે હત્યા જેવાં તમામ પાસાંને ધ્યાનમાં રાખી ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.

પીપોદરાની ફેક્ટરીમાંથી રૂપિયા સાડા ચાર લાખ રોકડાની ચોરી થતાં ફરિયાદ

હથોડાઃ પીપોદરા કન્યાસી રોડ પર આવેલી શ્રી ગણેશ ટેક્સટાઈલ નામની કંપનીમાં કારીગરોને પગાર ચૂકવવા માટે બેંકમાંથી ઉપાડી લાવીને રૂ.4,44,000 રોકડા કંપનીની ઓફિસમાં બેડરૂમમાં ગોદડામાં એક બેગમાં મૂક્યા હતા. જે બેગ ચોરાઈ ગયાની ફરિયાદ કોસંબા પોલીસમાં નોંધાઈ છે. કંપનીના મેનેજર અલ્પેશભાઈ પ્રાગજીભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, કંપનીમાં 30 જેટલા કારીગરો કામ કરે છે અને બેંકમાંથી કારીગરોને પૈસા પગાર પેટે ચૂકવવા માટે ઉપાડ્યા હતા અને આ પૈસા ઓફિસના બેડરૂમમાં બેડની અંદર ગોદડામાં પૈસાની કાળી બેગ મૂકી હતી અને કપડાના તાકા ખરાબ નીકળતા મેનેજર તાકા ચેક કરવા લિંબાયત ગયો હતો. ત્યારે કોઈ ચોર રોકડા રૂપિયાની બેગ ચોરી ગયો હતો.આ બનાવ અંગે કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પીએચ.ડી. થયાં

બારડોલીઃ સના મોહમદ ફારૂક મિસ્ત્રીએ ઉકા તરસાડિયા યુનિવર્સિટી તરફથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે પોતાનું સંશોધન કાર્ય વેસ્ટ ટુ વેલ્થ કન્વર્ઝન વિષય પર કર્યું હતું. જે વૈશ્વિક સ્તરે મહત્ત્વપૂર્ણ વેસ્ટ મેનેજમેન્ટના પડકારને સ્પર્શે છે. આ સંશોધન કાર્ય ઉકા તરસાડિયા યુનિવર્સિટીના કિશોરભાઈ ઇન્સ્ટિટ્યુટ ઓફ એગ્રીકલ્ચર સાયન્સિસ એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે સંસ્થાના ડિરેક્ટર પ્રોફેસર ડો.રમર કૃષ્ણમુર્તિના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું. તેમના અભ્યાસ દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં ઉત્પન્ન થતી એગ્રો વેસ્ટને કાર્બનિક ખાતરમાં રૂપાંતરિત કરવાની ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે. આ સંશોધન પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ કૃષિ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

ઐતિહાસિક મોટામિયાં માંગરોળની ગાદીનો ઉર્સ મેળો યોજાશે

સુરતઃ ઘેર-ઘેર સંસ્કાર આપો, ઘેર-ઘેર ગાય પાળો, કોમી એકતા, ઘેર-ઘેર વૃક્ષ વાવો, શિક્ષણ, આધ્યાત્મિક પ્રગતિ, માનવતા, વ્યસનમુક્તિ તેમજ કન્યા કેળવણીનો બોધ આપતી પરંપરાગત ઐતિહાસિક બિનરાજકીય મોટામિયાં માંગરોળની દરગાહ શરીફમાં હાલના એકમાત્ર સજ્જાદાનશીન-ગાદીપતિ હિઝ હોલીનેસ ખ્વાજા સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તીએ એ જ પરંપરા જાળવી રાખી પૂર્વજોની ઢબે રાજકારણથી દૂર રહી સેવા કાર્ય કરી રહ્યા છે. સેંકડો વર્ષોની પરંપરા અનુસાર દર વર્ષે ગુજરાતી તિથિ મુજબ પોષ સુદ એકમથી ઉર્સ મેળાનું આયોજન થાય છે. આ વર્ષે મેળો તા.૨૦/૧૨/૨૦૨૫ના શનિવારથી શરૂ થશે તથા તા.૨૧/૧૨/૨૦૨૫ના રવિવારે રાત્રે ચિરાગી થશે તથા રાબેતા મુજબ પંદર દિવસ સુધી ચાલશે. તા.૨૦/૧૨/૨૦૨૫ ને શનિવારે હાલના ગાદીપતિ પીર સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી તથા તેઓના સુપુત્ર-અનુગામી ડો.મતાઉદ્દીન ચિશ્તી પોતાના રહેઠાણ પાલેજથી મોટામિયાં માંગરોળ આવશે. તા.૨૦ના રોજ ૩:૩૦ કલાક બાદ વર્તમાન ગાદીપતિ પીર સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તીના મુબારક હસ્તે સંદલ શરીફની વિધિ થશે.

વાલિયામાં કોપર વાયર ચોરીનો ભેદ ઉકેલાયો

ભરૂચઃ વાલિયા પોલીસે સોલાર પ્લાન્ટમાંથી કોપર વાયર ચોરીના કેસમાં ત્રણ આરોપી દિલીપ ઉર્ફે નિલેશ ગોવિંદભાઈ વસાવા, તુષારકુમાર મુકેશભાઈ વસાવા તથા સતિષ ઉર્ફે સતલો શાંતિભાઈ વસાવાને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી 15 કિલો કોપર વાયર (રૂ.40,000), 41 કિલો સળગાવેલ કોપર (રૂ. 32,800) તેમજ બે સ્પ્લેન્ડર પ્લસ બાઇક મળી કુલ રૂ.1,52,800નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ કેસમાં સુજીતભાઈ વસાવા (રહે.,ઇટકલા) અને સંતોષભાઈ વસાવા (રહે.,કેસરગામ) હજી વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

50 લાખનું સાયબર ફ્રોડ: 2 પકડાયા

'ઓપરેશન મ્યુલ હંટ' હેઠળ બારડોલી ટાઉન પોલીસે ભેદ ઉકેલ્યો

બારડોલીઃ ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલી પોલીસે બેની ધરપકડ કરી છે, જેઓ મ્યુલ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી સાયબર ફ્રોડનાં નાણાં સગેવગે કરવાના નેટવર્કમાં સંડોવાયેલા હતા.

આ કાર્યવાહીમાં ગુજરાત સહિત અન્ય રાજ્યોના કુલ ૧૯ સાયબર ફ્રોડના ગુના રિટેક્ટ કરવામાં આવ્યા છે, જેમાં કુલ રૂપિયા ૪૯,૯૬,૯૦૦ જેટલી માતબર રકમનો સમાવેશ થાય છે. મૂળ ફરિયાદ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં અક્ષયકુમાર હરીશચંદ્ર મીસ્ત્રી દ્વારા નોંધાવવામાં આવી હતી. ફરિયાદીને ICICI સિક્યુરિટી સ્ટડી ગ્રુપમાં એડ કરી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી શેર બજારમાં સારા વળતરની લાલચ આપી તેમની પાસેથી કુલ રૂ.૨૦,૪૧,૧૫૨ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જેઓ કમિશન પેટે પોતાના બેંક એકાઉન્ટ સાયબર ફ્રોડ કરનાર ટોળકીને ભાડે આપતા હતા. પોલીસે દેવાભાઈ વાઘાભાઈ ગોલાણી (ઉં.વ.૩૭) (રહે.,માધવ દર્શન સોસાયટી, બોટાદ), તેમણે બેંક ઓફ મહારાષ્ટ્ર, બોટાદ શાખામાં ખાતું ખોલાવી એ.ટી.એમ. કાર્ડ અને પાસબુક પોતાના સાળા નરેશભાઈને આપ્યાં હતાં. તેમના ખાતામાં ફ્રોડનાં નાણાં જમા થયાં હતાં, જેમાં મૂળ ગુનાના રૂ. ૫૦,૫૦૦નો સમાવેશ થાય છે. નરેશભાઈ દેવજીભાઈ વાળા (ઉં.વ.૩૦) (રહે.,ગોરડકા, તા.ગઢડા, જિ.બોટાદ)ને દેવાભાઈએ કમિશન પેટે એ.ટી.એમ. કાર્ડ અને પાસબુક આપ્યાં હતાં. આરોપીઓ પાસેથી કુલ ૧૫,૦૦૦ના ૨ મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે. આંતરરાજ્ય સાયબર ફ્રોડ આચરનાર ટોળકી સાથે જોડાયેલા સાહીલ ઈશ્વરભાઈ વાઘાણી (હાલ રહે.,ધનમોરા સોસાયટી, કતારગામ, સુરત શહેર)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

લોટરવા ગામમાં બે દીપડા નજરે પડ્યા

વ્યારાઃ વ્યારાના લોટરવા ગામમાં રાત્રિ દરમિયાન રસ્તા પર લટાર મારતા બે દીપડાઓનો વિડીયો વાયરલ થયો છે. જેને લઈને સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. રાત્રિ દરમિયાન ખેડૂતો પણ ખેતરે જવાનું ટાળી રહ્યા છે. વિડીયો ઉતારનાર રાહદારીએ ફ્રેન્ડ્સ ઓફ એનિમલ વેલફેર ટ્રસ્ટને જાણ કરી હતી.

કલમકૂવાથી 19 વર્ષનો યુવાન ગુમ

માંડવીઃ માંડવીના કલમકૂવા ગામમાંથી 19 વર્ષીય યુવાન નિર્મલકુમાર મિનેષભાઈ ચૌધરી ગુમ થયા છે. નિર્મલકુમાર ગત તા.13 ડિસેમ્બર, 2025ના રોજ બપોરે આશરે 3:30 વાગ્યે ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ગયો હતો. ત્યારથી તેમનો કોઈ પત્તો લાગ્યો નથી. ગુમ થનાર યુવાનની માતા હસુબેન મિનેષભાઈ ચૌધરીએ આ મામલે પોલીસને જાણ કરતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

સાગબારા પો.સ્ટે. નો ભાગેડુ આરોપી ઝડપાયો

રાજપીપળાઃ નર્મદા પેરોલ-ફર્લો સ્ક્વોડે સાગબારા પો.સ્ટે.ના પ્રોહિ. ના ગુનામાં પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલા આરોપી સરવનસીગ અજીતસિંગ હરિજન (ઉં.વ.૪૯) (રહે.,નઠવાલ, તા.બટાલા, જિ.ગુરુદાસપુર, પંજાબ)ને બટાલાથી ઝડપી લીધો હતો. તેને પકડી આગળની કાર્યવાહી માટે સાગબારા પોલીસ સ્ટેશન ખાતે આરોપીનો કબજો સોંપાયો હતો.

મેહુલ પટેલ

મહુવામાં પિસ્તોલ સાથે ફરતો યુવાન ઝડપાયો

અનાવલઃ મહુવા પી.આઈ.ને બાતમી મળી હતી કે, લાલ રંગની મોપેડ નં.(GJ-26-AD-4037)નો ચાલક પોતાની પાસે ગેરકાયદે પિસ્તોલ રાખી અનાવલ તરફથી બારડોલી તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે મહુવા પોલીસે મિયાપુર ટ્રાફિક પોલીસ ચોકી પાસે વોચ ગોઠવી હતી. બાતમી મુજબ મોપેડ આવતાં પોલીસે તેને કોર્ડન કરી અટકાવ્યો હતો. ચાલકની તલાસી લેતાં તેના પાછળના પેન્ટના નેફામાંથી એક દેશી હાથ બનાવટની પિસ્તોલ મેગ્ઝીનમાં કાર્ટીઝ સાથે મળી આવી હતી. પોલીસે તરત જ યુવાનને અટકાયત કરી પૂછપરછ કરતાં તે મહુવાના ડુંગરી ગામે કણબીવાડ ફળિયામાં રહેતો અને જમીન દલાલીનો વ્યવસાય કરતો 32 વર્ષીય યુવાન હોવાનું બહાર આવ્યું હતું. લીસ તપાસ દરમિયાન મહુવાના વાંસકુઈ ગામના એક સાગર ગરાસીયા તેમજ 'બિહારી' નામના અજાણ્યા યુવાનની સંડોવણી બહાર આવતાં પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

પલસાણામાં યુવકનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણાઃ પલસાણામાં 21 વર્ષના એક યુવકે અગમ્ય કારણોસર ફાંસો ખાઈને આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. પોલીસ તપાસમાં મૃતક યુવકનું નામ કુલદીપભાઈ સુરેન્દ્રભાઈ રાજભર (ઉ.વ. ૨૧) છે, જે મૂળ ઉત્તરપ્રદેશના વારાણસીનો રહેવાસી હતો અને હાલ પલસાણા ગામની પિન્ટુભાઈની બિલ્ડિંગના રૂમ નં.૮માં રહેતો હતો. તા.૧૫/૧૨/૨૦૨૫ના રોજ કલાક ૧૧થી ૪.૩૦ દરમિયાન પલસાણા યુવકે પોતાના ગમછા વડે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ કેસની વધુ તપાસ એ.એસ.આઈ. ચંદ્રદીપ રાજારામભાઈ કરી રહ્યા છે.